દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ
મંગળવાર ૧૯ માર્ચ, ૨૦૨૪

રાજકુટુંબનો એક એડિટેડ ફોટો પણ ખાસ્સો વિવાદ જગાડી શકે છે

હાલમાં બ્રિટનમાં સોશિયલ મીડિયા પરના એક ફોટો અને ત્યારપછીની ઘટનાઓએ હેડલાઈન્સ બનાવી છે અને હવે રાજવધૂ પ્રિન્સેસ ઓફ વેલ્સ કેટ મિડલટને આ ફોટા અંગે માફી માંગી છે. આ વિષયે ત્યાં સોશિયલ મીડિયા અને મુખ્ય પ્રવાહના મીડિયા પર ખાસ્સું સ્થાન જમાવ્યું છે. 42 વર્ષીય કેટે સોમવારે સોશ્યિલ મીડિયા પર એક એડિટેડ ફોટોગ્રાફને કારણે "કોઈપણ મૂંઝવણ" માટે માફી માંગી હતી જે તેની ઓફિસ કેન્સિંગ્ટન પેલેસ દ્વારા જારી કરવામાં આવી હતી. "ઘણા કલાપ્રેમી ફોટોગ્રાફરોની જેમ, હું સંપાદન સાથે અવારનવાર પ્રયોગ કરું છું," X પરના સંદેશમાં "C" સાથે સહી કરવામાં આવી હતી જેનો અર્થ તે કેટ દ્વારા મોકલવામાં આવ્યો હતો. "ગઈકાલે અમે જે કૌટુંબિક ફોટોગ્રાફ શેર કર્યો હતો તેના અંગે કોઈપણ મૂંઝવણ માટે હું માફી માંગવા માંગુ છું." આ ફોટો રવિવારે બ્રિટનમાં મધર્સ ડે પર આવ્યો હતો અને પેટની સર્જરી પછી કેટ લોકોની નજરમાંથી સપ્તાહો સુધી ગાયબ રહ્યા તેના પછી આવ્યો છે.

મધર્સ ડે નિમિત્તે કેથરિન એટલે કે કેટ મિડલટનનો પોતાના બાળકો સાથેનો મુકાયેલો ખુશખુશાલ મુદ્રાનો ફોટો ચેડાંયુક્ત કે બનાવટી છે એ બાબત ખુલ્લી પડી જતાં ફરી એવી ચર્ચાને વેગ મળ્યો છે કે રાજકુટુંબ કોઈ વાત સંતાડી રહ્યું છે કે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યું છે. એવી પણ અફવાઓ છે કે પ્રિન્સ વિલિયમનું રોઝ હેનબરી, જે કેટની એક સમયની નજીકની મિત્ર હતી તેની સાથે અફેર છે. હાસ્ય કલાકાર સ્ટીફન કોલ્બર્ટે તેમના મોડી-રાત્રિના શોમાં આ અટકળોને ચગાવી અને પ્રિન્સ વિલિયમના રોઝ હેનબરી સાથેના સંબંધોની વાત ઉપાડી. જ્યારે કેટલાક કથિત અફેર વિશે અનુમાન લગાવતા હતા તો અન્ય કેટલાક લોકો કેટની તબિયત અંગે ચિંતિત હતા. જો કે, એક પ્રશ્ન હજુ પણ અનુત્તરિત છેઃ કેટ મિડલટન ક્યાં છે? પ્રિન્સ વિલિયમની લંડનના યુથ સેન્ટરની તાજેતરની મુલાકાત દરમિયાન, તેમણે તેમની પત્નીનો કોઈ ઉલ્લેખ કર્યો ન હતો. લોકોની નજરમાંથી તેણીની લાંબી ગેરહાજરીએ ચિંતાઓ ઉભી કરી છે અને તાજેતરના દિવસોમાં સોશિયલ મીડિયા પર હેશટેગ 'WhereIsKate' ટ્રેન્ડ કરી રહ્યો છે. આ લખાઇ રહ્યું છે ત્યારે પણ કેટની હાલની સ્થિતિ અંગે કોઈ સ્પષ્ટ માહિતી જાણવા મળી નથી.

સોશિયલ મીડિયાનો યુગ ગપસપ અને અફવાઓનો યુગ છે.અને કેટના એડિટેડ ફોટાના વિવાદથી બ્રિટિશ રાજમહેલ દ્વારા કેટની વિગતોને લોકોથી દૂર રાખવાના કાવતરાની ચર્ચાઓને વેગ મળ્યો છે. કોઇ રાજકુટુંબ કે જાણીતી હસ્તીઓના ફોટા કે તસવીર પણ કેવી ચર્ચા કે વિવાદ જગાડી શકે છે તેનું આ ઉદાહરણ છે. ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, ટ્વિટર અને ટિકટોક જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મના ઉદભવે માનવીય ક્રિયાપ્રતિક્રિયાના લેન્ડસ્કેપને નાટ્યાત્મક રીતે બદલી નાખ્યું છે. આ પ્લેટફોર્મ્સે આપણા માટે માત્ર ગપસપ કરવાનું માત્ર સરળ જ બનાવ્યું નથી પણ આવા વર્તનને પ્રોત્સાહન આપીને તેને સામાન્ય બનાવી દીધું છે. અફવાઓ, અટકળો, ગોસીપ - આ બધું પહેલા પણ હતું જ, પરંતુ સોશિયલ મીડિયાના ઉદભવ પછી આ બધાની ઝડપ અને પ્રમાણ વધ્યાં છે જે તાજેતરના કેટના એડિટેડ ફોટાના વિવાદ સહિતની અનેક બાબતોમાં જોઇ શકાય છે.

આજે જ કેમ નહિ

એક ગુરુ શિષ્ય હતા.ગુરુને પોતાના આ શિષ્ય પર જરા અધિક સ્નેહ હતો. શિષ્ય બહુ હોશિયાર ન હતો અને મહા આળસુ હતો, પણ પોતાના ગુરુજીનું માન બરાબર જાળવતો.શિષ્યની રોજની રીતભાત અને કામ ન કરવું..કામ પાછળ ઠેલવું ..પછી કરી લઈશ એ બધું જ જોતાં અને સમજી ગયા હતા કે જો આ શિષ્ય પોતાની આળસ નહિ છોડે તો જીવનમાં ક્યારેય આગળ નહિ વધી શકે ...જીવનમાં તેને તક મળશે તો પણ આળસને કારણે તે તેનો બરાબર ઉપયોગ નહિ કરી શકે.ગુરુજીને શિષ્ય પર પ્રેમ હતો એટલે તેમના મનમાં ચિંતા થવા લાગી કે આ શિષ્ય સુધરશે નહિ તો જીવનમાં ક્યારેય જીતી નહિ શકે.

ગુરુજીએ હવે તેને બરાબર પાઠ ભણાવવાનું નક્કી કર્યું.તેમણે એક કાળો પથ્થર આપ્યો અને કહ્યું, 'આ મારા સિધ્ધ ગુરુજીએ મને આપ્યો છે તે પારસમણી છે જે લોખંડને સોનામાં પરિવર્તિત કરી શકે છે.હું બાજુના ગામ જાઉં છું. કાલે સાંજે આવીશ ત્યાં સુધી આ પથ્થર તું સાચવજે. કાલે હું તારી પાસેથી તે પથ્થર લઇ લઈશ ત્યાં સુધી તું તેનો ઉપયોગ પણ કરી શકે છે.'

શિષ્ય ગુરુજીની વાત સાંભળી ખુશખુશાલ થઇ ગયો... તેણે ગુરુજીને પ્રણામ કરીને પથ્થર લીધો અને મનમાં ઘણું વિચારવા લાગ્યો કે હું ઘણા મોટા લોખંડના સમાન ખરીદીને લાવીશ અને આ પથ્થરની મદદથી બધાને સોનામાં પરિવર્તિત કરી દઈશ એટલે હવે હું એકદમ શ્રીમંત અને સુખી થઇ જઈશ. કોઈ કામ કરવાની જરૂરત જ નહિ રહે. બધાં કામ નોકરો કરશે ...વગેરે વગેરે.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

શિષ્યે આ બધું વિચારી લીધું, પણ કર્યું કંઈ નહિ.આળસને કારણે તેણે વિચાર્યું કે ગુરુજી તો કાલે સાંજે આવશે, હું સાંજે જઈશ.સાંજ પડી, પણ તે સામાન ખરીદવા ન ગયો..વિચાર્યું કાલે સવારે જઈશ ... બીજે દિવસે સવારે તેણે નક્કી કર્યું કે હમણાં નાસ્તો કરીને જાઉં પણ તે બજારમાં ગયો નહિ...વિચાર્યું જમીને જાઉં ...પણ જમીને તે રોજની આદત મુજબ આરામ કરવા લાગ્યો અને સૂઈ ગયો. ઊઠ્યો ત્યારે સૂર્યાસ્ત થવામાં જ હતો ...તે ફટાફટ બજારમાં સામાન લેવા દોડ્યો, પણ મોડું થઇ ચૂક્યું હતું...સામે જ ગુરુજી મળ્યા અને તેમણે તરત જ કાળો પથ્થર પાછો માંગ્યો.

શિષ્ય ગુરુજીને વિનંતી કરવા લાગ્યો, 'ગુરુજી, મારે આ પથ્થરનું કામ છે. હું તમને કાલે આપું તો ચાલશે. એક દિવસ પથ્થર મને મારી પાસે રાખવા દો.' ગુરુજી બોલ્યા, 'ના, એ શક્ય નથી...ગઈ કાલથી પથ્થર તારી પાસે જ હતો. તેં કામ ન કર્યું તો હવે ક્યારે કરીશ?' ગુરુજીએ પથ્થર લઇ લીધો અને શિષ્યનું ધનવાન બનવાનું સપનું તૂટી ગયું કારણ તેની આળસ ...અને કામ પાછળ ઠેલવાની રીત....ગુરુજીએ તેને કાન પકડીને તેની ભૂલ સમજાવી. ગુરુજીની માફી માંગી. તેણે જીવનમાંથી આળસ દૂર કરવાનું વચન આપ્યું.

2005 પહેલાંના તમામ ફિક્સ પે-કર્મી જૂની પેન્શન યોજના મેળવવા હક્કદાર છે

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

લોકસભાની ચૂંટણી જાહેર થઇ ગઈ છે. ચૂંટણી જાહેર થાય તે પહેલાં પોતાના પડતર પ્રશ્નો ઉકલે અને ખાસ તો ૨૦૦૪ પછી નોકરીમાં કાયમી થયેલાં કર્મચારીઓને જૂની પેન્શન યોજના મળે તે માંગણી સાથે ગુજરાતમાં સરકારી કર્મચારીઓ હડતાલ પર ઊતર્યાં. દેખાવો કર્યા. આવા જ દેખાવો ૨૦૨૨ ની વિધાન સભાની ચૂંટણી વખતે કર્યા હતા. ખાસ તો શિક્ષક સંઘ તેમાં આગેવાન હતો. સરકારે ૨૦૦૪ પહેલાં ફિક્સ પગારમાં લાગ્યા હોય તેવા તમામ ફિક્સ પે કર્મી કે જે ૨૦૦૫ પછી કાયમી થયા તેમને જૂની પેન્શન સ્કીમ લાગુ પડવાનું વચન આપ્યું. મોડી રાત્રે સમાધાન થયું. પ્રાથમિક શિક્ષક સંઘના આગેવાનોએ સમાધાન થયાની ટી.વી. મિડિયા પર જાહેરાત કરી અને પછી કશું જ ના થયું .પણ ભાજપને વિધાન સભામાં ૧૫૬ સીટ મળી સત્તા ફરી આવી ગઈ. હવે જુના વચન યાદ કરવાનો પ્રશ્ન ના હતો. કર્મચારીઓ માટે ફરી આંદોલનમાં જવાનો સમય કે સંજોગ ના હતા માટે સૌ ચૂપ રહ્યા.

લોકશાહીમાં ચૂંટણી આવે છે. ફરી ચૂંટણી આવી, ફરી માંગ ઊભી થઇ, ફરી આચારસંહિતા લાગુ થઇ ગઈ, ફરી સત્તા આવી જશે, ફરી વાત વિસારે પડી જશે.

અતિ વસ્તી અને યુવા વસ્તીવાળા ભારતમાં વ્યાપક બેકારી,ખાનગી ક્ષેત્રમાં ખૂબ નીચા વેતને કામ અને સરકારી ક્ષેત્રમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિ ,આઉટ સોર્સિંગ,ફિક્સ પગાર અને તેમાં પણ ૨૦૦૫ પછી કાયમી થયેલા કર્મચારીઓને પેન્શન પણ નહીં ...આ તો ગંભીર મુદ્દો છે અને આવનારા દિવસોમાં ગંભીર આર્થિક સ્થિતિ ઊભી કરશે.વસ્તીનો મોટો વર્ગ ઉમરવાન પણ હશે અને નાણાં સાધન વગરનો પણ હશે . એટલે સામે ઊભેલી લોક સભાની ચૂંટણીમાં મતદાન જ્યાં કરવું હોય ત્યાં કરજો પણ નેતાઓને પૂછજો કે ખાનગી ક્ષેત્રમાં યોગ્ય વેતન માટે તમે શું કરશો? કોઈ કાયદો નિયમ લાવશો? જાહેર સેવાઓ જેવી કોઈ હોસ્પિટલ ,સફાઈ ,સરકારી કચેરી વગેરેમાં આઉટ સોર્સિંગની ભરતી નાબૂદ કરશો? સરકારી ભરતીમાં પાંચ વર્ષ સુધી ફિક્સ પગારની નીતિ છે તે દૂર કરશો? નિવૃત્ત થતા કર્મચારીને કોઈ નિશ્ચિત વળતર મળી રહે તેવા પેન્શનની જોગવાઈ કરશો?

વર્ષ ૧૯૯૭ માં સરકારમાં મોટા પ્રમાણમાં વર્ગ ત્રણ અને વર્ગ ચારની જગ્યાઓ ખાલી હતી. સરકારની રાજકોષીય ખાધ ઓછી કરવા માટેની એક સમિતિએ રીપોર્ટ આપ્યો હતો જેમાં સરકારને વિવિધ ખર્ચ પર કાપ મૂકવા અને કરકસર કરવા જણાવ્યું હતું. જેના એક પગલામાં એવું પણ સૂચન હતું કે વર્ગ ત્રણ અને ચારનાં કર્મચારીઓની જગ્યાઓ મોટી સંખ્યામાં ખાલી છે તો આ જગ્યાઓ થોડાં વર્ષ ફિક્સ પગારથી ભરી શકાય. વળી એક કમિટીએ સૂચન કર્યું કે આવનારા સમયમાં ભારતમાં મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓ નિવૃત્ત થશે અને સરકારનું પગાર અને પેન્શનનું ખર્ચ ખૂબ વધી જશે. માટે હવે નવાં કર્મચારીઓ માટે નવી પેન્શન યોજના બનાવવી જોઈએ. સરકારે પેન્શન અને પગારના બોજમાંથી નીકળી જવું જોઈએ.

ભારતમાં ખાનગીકરણ અને ઉદારીકરણની અસર હેઠળ એક આખી વિચારધારા ઊભી થઇ હતી કે સરકારી નોકરીઓ ઓછી કરવી ,પેન્શન પગાર બોજો છે ,સબસીડીઓ ઘટાડી દેવી ...આખું મૂડીવાદી માનસ સરકારની નીતિઓને અસર કરવા માંડ્યું હતું અને ૧૯૯૭ માં ગુજરાતમાં સૌ પ્રથમ શંકરસિંહની સરકારમાં બે વર્ષ માટે ૨૦૦૦ ના ફિક્સ પગારમાં પ્રાથમિક શિક્ષકોની ભરતી શરૂ થઇ પછી ભાજપની સરકારમાં પગાર ૨૫૦૦ થયો, પણ ફિક્સ પગારના વર્ષ પાંચ થયાં. વળી આ યોજનામાં લખવામાં આવ્યું કે કર્મચારીની નોકરી ફિક્સ પગારમાં પાંચ વર્ષ પૂરાં થાય પછી ગણાશે. મતલબ કે નોકરીનાં વર્ષ ઘટી ગયાં પણ નોકરી શોધતાં યુવાનોની મુસીબતો આટલે અટકી નહીં. વર્ષ ૨૦૦૦થી સરકારે વિવિધ સરકારી પોસ્ટમાં ફિક્સ પગાર નીતિ ચાલુ કરી.રોજગાર માટે લાચાર યુવાનો પાંચ વર્ષ પછી તો પૂરો પગાર મળશે, પેન્શન મળશે ની આશાએ કામ કરવા લાગ્યા પણ રે સરકાર ! વર્ષ ૨૦૦૫ માં સરકારે જાહેર કર્યું કે હવે નવાં કર્મચારીઓને જૂની પેન્શન યોજના નહીં મળે. વર્ષ ૨૦૦૫ થી સરકારી નોકરીમાં જોડાયેલાં કર્મચારીઓને નવી મૂલ્યવર્ધિત પેન્શન યોજનામાં જોડાવાનું રહેશે. આ યોજનામાં કર્મચારીના પગારનો એક ફાળો કપાશે એટલા જ સરકાર ફાળો આપશે. આ રકમનું શેર બજારોમાં રોકાણ થશે અને ત્યાં જે કમાણી થશે તે મુજબ કર્મચારીનું પેન્શન બંધાશે.. મતલબ ફિક્સ કશું નહીં.

ગુજરાતમાં વર્ષ ૨૦૦૦ થી જે ફિક્સ પગારના કર્મચારી લાગ્યા છે તેણે સરકારે ૨૦૦૫ થી કાયમી કર્યા છે એટલે તે બધાને નવી પેન્શન યોજનામાં આવ્યા છે. હવે અહીં વિચારવાનું એ છે કે રાજ્યમાં એક તો વર્ગ એક અને બે ના અધિકારીઓ માટે ફિક્સ પગારની યોજના જ નથી એટલે ક્લાસ ટુ અને વનના અધિકારીઓ આજે પણ પ્રથમ દિવસથી જ પૂરો પગાર મેળવે છે. વળી ત્યાં ફીક્ષ પગાર યોજના નથી એટલે પ્રથમ દિવસથી જ કાયમી ગણાય છે. એટલે પ્રથમ અને બીજા વર્ગનાં કર્મચારી ૨૦૦૫ પછી લાગ્યા તે જ નવી પેન્શન યોજનામાં છે. ૨૦૦૦ થી ૨૦૦૪ દરમિયાન લાગેલા તમામ જૂની પેન્શન યોજના મેળવે છે અને ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારી પગાર પણ ફિક્સ મેળવે અને પેન્શન પણ નહીં? જૂની કહેવત છે કે ભૂવો ધૂણે તો નાળિયેર ઘર બાજુ ફેંકે ...ક્લાસ વન અધિકારીઓ સરકારને કરકસરનાં પગલાં સૂચવે તો ક્લાસ વન અધિકારી ફિક્સ પગારમાં રાખો એવું સૂચન તો ના જ કરે ને! ક્લાસ વન અધિકારી પાંચ વર્ષ માટે સહાયક પોસ્ટમાં ના જ રાખે.

હવે વાત એ છે કે સુપ્રીમ કોર્ટમાં જુદા જુદા કેસના ચુકાદામાં એવા ફેંસલા આવ્યા છે જેમાં કર્મચારીની પસંદગી વર્ષ ૨૦૦૪ પહેલાં થઇ ગઈ હોય નિમણૂકપત્ર અપાઈ ગયો હોય અને હાજર મોડો કર્યો હોય અથવા તો કર્મચારી હાજર થઇ ગયો હોય, પણ વહીવટી બહાલી મોડી આવી હોય તો પણ તે ૨૦૦૪ નો જ ગણાય અને જૂની પેન્શન યોજના મળવાપાત્ર જ થાય એમ જણાવાયું. વળી ગુજરાત સરકારે તો ફિક્સ પગાર વિરુદ્ધ કોર્ટમાં કેસ ચાલ્યો ત્યારે એવું સ્વીકાર્યું છે કે ફિક્સ પગાર એ એક સંવર્ગ છે . અને જો આ સહાયક પોસ્ટ એ સંવર્ગ ગણાતો હોય તો કર્મચારી જે દિવસથી નોકરીમાં લાગ્યો તે દિવસથી કાયમી જ ગણાય અને જૂની પેન્શન યોજના મળવાપાત્ર બને.

તો, ગુજરાત સરકારને વિનંતી કે તમે તમામ કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના સ્વીકારો તો પણ વાંધો નથી, પણ જો ૨૦૦૪ પછીના માટે નથી લાગુ કરવા માંગતા તો ૨૦૦૪ પહેલાંના સહાયક સંવર્ગ માટે તો લાગુ પાડો જ . સમાન સિવિલ કોડ પણ આ જ કહે છે. જો ૨૦૦૪ ના પ્રથમ વર્ગનાં કર્મચારીને પેન્શન મળે તો ૨૦૦૦ ની સાલમાં સહાયકમાં લાગેલ કર્મચારીને કેમ ના મળે?

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

રિહાન્ના વટ પાડી ગઈ

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

પ્રેમ એટલે એવી લપ, કે ઊંઘે માથે પટકાય ત્યારે જ સમજાય કે, આ ધંધો નહિ કર્યો હોત તો સારું થાત..! ઝેરી પણ ખરો ને નશીલો પણ..! ફેર એટલો કે, પ્રેમનો નશો જોરમાં ચઢે, ને ઝેર ધીમું ધીમું..! ભાગ્યે જ કોઈ એવો ગુણવંતી ગુણીજન હોય કે, જે પ્રેમના લફરામાં ભેરવાયો ના હોય..! એક ભાઈને પૂછ્યું, 'લવ મેરેજ શ્રેષ્ઠ કે એરેન્જ મેરેજ..?'મને કહે, ૧૫૦ ટકા લવ મેરેજ..! એટલા માટે કે એમાં ખાતરી તો હોય કે, જેને લવ કર્યો છે, એ જ આવવાની છે. એરેન્જ મેરેજમાં ગેરંટી નહિ, બીજા કોઈની પણ આવી જાય..! આલોમ-વિલોમ ગમે એટલા કરો, ઈચ્છાઓ સખણી રહેતી નથી. પ્રેમમાં ક્યાં ઉંમરને બાધ હોય છે..? દિલ જલતા હૈ તો જલને દો..! ભ્દિરેકવાળું ગાલ્લું પણ હાંકી નાંખે..! અવળી દિશામાં ઘસડાવા માંડે, ત્યારે ખૂણે ધબકતું હૃદય પણ, નમાલું બને. એ બિચારું ચિહાડા પાડવા સિવાય, ઉખેડી પણ શું શકે..? પકડદાવ એ લોકો રમે ને, હુમલા હૃદયને આવે.! 'પણ દિલ લગા ગધીસે તો....! (શીઈઈઈટ..! બધું મારે જ બોલવાનું..? તમારે કંઈ નહિ સમજવાનું..?)

પ્રેમ એ હૃદયની ગુપ્ત ખંજવાળ છે, પગમાં કપાસી હોય તો પણ ચાલમાં આખેઆખો દેવાનંદ ઘુસી ગયો હોય..! આવી ચાલવાળા ભટકાય તો માનવું કે, પ્રેમની ફોડ્ચી કઈડી ગયેલી છે..! તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ, બધું ગુપચુપ ગુપચુપ જ ચાલતું હોય..! આગળ જતાં, ઉલાળા ને ઉકાળા થવાના એ પાક્કું..! ચમનિયાને અનેક વાર કહ્યું કે, પાકટ ઉંમરે પ્રેમના ઝંડા ફરકાવવા સારા નહિ.પણ આખેઆખો શક્તિમાનને ચાવી ગયો હોય એમ, કહે કે 'દિલ તો અભી જવાન હૈ..!'તારા કપાળમાં કાંદા ફોડું..!

એની જાતને..! ચમનિયાની પ્રેમ-લીલા જાણવા જેવી છે દાદૂ..! એની વાઈફનું નામ રમીલા, પણ જ્યારથી વિશ્વની મહાન પોપ સિંગર 'રિહાન્ના'જામનગર આવી ગઈ અને તેને જોઈ ત્યારથી, એવી જુવાની ભરાઈ ગઈ કે, સૂકા બાવળમાં પણ ફૂંપળ ફૂટી..! એટલી ભાવી ગઈ કે, રમીલાને પણ એ હવે 'રીહું'કે રિહાન્નાથી બોલાવે છે બોલ્લો..! તાંબા-પિત્તળના વાસણને ક્લાઈ કરાવી હોય એમ ચમનિયામાં ચમક આવી ગઈ..! ઘણાને તો સમય કરતાં વહેલાં ઘરડા થઈ ગયા નો વસવસો પણ થયો. આ તો એક હસવા હસાવવાની વાત..! બાકી ઉંદરડું દારુ પીઈ ગયું હોય એમ, અમારો ચમનિયો પણ રિહાન્નાને જોઈને લાલ ટામેટા જેવો થઈ ગયો. રિહાન્નાને જોઈ ત્યારથી, શરીરનું એલાઈમેન્ટ ખોરવાઈ ગયું! લોકોએ રિહાન્નાના વોલપીસ ખરીદ્યા, ત્યારે ચમનિયાએ રિહાન્નાનો ફોટો ખરીદી 'વોલેટ'માં રાખ્યો. એક બાજુ રમીલાને મૂકી, બીજી બાજુ રિહાન્ના..! મને કહે, સુખના દિવસ હોય ત્યારે રિહાન્નાને જોઉં ને દુખ લાધે તો રમીલાનાં દર્શન કરું..!

જ્યારથી રિહાન્ના જામનગરમાં આવી, ત્યારથી જામનગરનું હવામાન અંબેલાલની હવામાનની આગાહીને પણ ધોઈને પી ગયું. ચારેયકોર 'રોઝી-રોઝી'થઈ ગયું. લોકો ભલે જામનગરને સૌરાષ્ટ્રનું 'પેરીસ'કે 'છોટા કાશી'કહેતા હોય, પણ 'અનંત-રાધિકાનો પ્રિ વેડિંગનો જલસો જેટલા દિવસ ચાલ્યો, એટલા દિવસ સુધી, જામનગર છોટા હોલીવુડ-બોલીવુડ-ઢોલીવુડ ને ટેલીવુડમાં કન્વર્ટ થઈ ગયું..! શિયાળો બેસે ને પરદેશી પંખીડાંઓને જામનગરનું તળાવ દેખાવા માંડે એમ, જલસો ચાલ્યો એટલા દિવસ, દેશી/પરદેશી અનેક ખ્યાતનામ હસ્તીઓએ જામનગરની (કાયા નહિ..)માયા-પલટ કરી નાંખી. ધબધબાટી બોલાવી દીધી. અત્યારે તો બધું જ સમેટાઈ ગયું, જામ-બ્રેડ'માંથી, "જામ-જામ" ચવાઈ ગયો ને બ્રેડ રહી ગયા હોય એમ, 'જામ'વગરનું નગર રહી ગયું.

એ કોણ બોલ્યું કે, આ રિહાન્ના છે કોણ..? મને લાગે બોલનારની ભૂગોળમાં ભલે મંકોડા ફરી વળ્યા હોય, પણ જનરલ નોલેજમાં પણ ભમરડો ફરી ગયો લાગે..! રિહાન્નાનું મૂળ નામ 'રોબીન રિહાન્ના ફેન્ટી..! (આમાં અટક કઈ ને ફાધરનું નામ ક્યું, એવા અઘરા સવાલ તો પૂછતાં જ નહિ..! ઉથલપાથલ થઈ જશે..!) એટલી જ ખબર કે, માત્ર ૩૩ વર્ષની ઉમરે દુનિયાની સૌથી અમીર મહિલા સંગીતકાર તરીકે, આજે પણ વિશ્વમાં એમનો ડંકો વાગે છે..! અનંત-રાધિકાના પ્રિ વેડિંગમાં એવો ભમ્મ-ભમ્મ નજારો કરી ગઈ, કે એના ભણકારા હજી શમ્યા નથી. એક ગુજરાતી પાસેથી ૭૨ કરોડ ઉલેચી ગઈ, એના ઉપરથી મગજના ઘોડા દોડાવો કે એના ડેન્સમાં કેટલો દમ હશે..? દેશ-વિદેશથી આવી તો અનેક મહાન હસ્તીઓ આ ઈવેન્ટમાં આવેલી. બધાનાં નામ લખવા બેસું તો, હાસ્યલેખને બદલે વસ્તીગણતરીનું પત્રક બનાવ્યું હોય એવું લાગે..! અમુક વિદેશીનાં નામ તો એવાં ગૂંચવાયેલી જલેબી જેવા કે, નામમાં પરફેક્શન લાવવા માટે, હાવર્ડ યુનિવર્સિટીમાં એડમિશન લેવું પડે. નહિ તો, બાપ દીકરા ને અટકમાં અટવાઈ જવાય..! ક્ષતિદોષ થાય તો માફ કોણ કરે..?

પઅઅઅણ..ચમનિયાને એક વાતનો અફસોસ રહી ગયો. કોઈનું આમંત્રણ હોય કે ના હોય, પહેલી પંગતમાં બેસીને ઝાપટી આવવાની કુનેહમાં બહુ પાવરધો. બાથરૂમ સિગર પણ ખરો. તેથી કંઈ મહાન હસ્તીની યાદીમાં થોડો આવે? પૈણવા માટે પીઠી ચોળીને બેઠો હોય એમ, ચમનિયાને આશા હતી કે, મુકાભાઈ મારા જેવી હસ્તીને 'ઈવેન્ટ'માં હાજર રહેવા આ મંત્રણ આપશે. પણ પપલુ થઇ ગયું. મને કહે, 'મને આમંત્રણ નહિ આપીને આ લોકોએ મોટી ભૂલ કરી છે..! ક્યાં તો આમંત્રણ પત્રિકા ખૂટી, ક્યાં તો ખરા ટાંકણે રિલાઈન્સના ફોનમાં 'ગડબડી'આવી, બાકી બંદાને આમંત્રણ આપવામાં ચૂકે નહિ..! આ લોકોને મારી ગેરહાજરી ભરપૂર સાલી હશે..! ઘણાએ પૂછ્યું પણ ખરું કે,'ચમનભાઈ અંબાણી પરિવારના ઈવેન્ટમાં તમે ઝાપટવા ગયા નહિ..? તો કહે, "મને મારા ખાનદાનની પરંપરા નડી. મેં મારા લગન વખતે, જીયો સીમ કાર્ડના કાયમી ગ્રાહકના સંબંધે, અંબાણી પરિવાર ને લગ્નપત્રિકા મોકલેલી, પણ એમણે વ્યવહાર નહિ સાચવ્યો..! મારા લગન વખતે સવા રૂપિયાનો ચાંદલો પણ નહિ આવ્યો..! તમે જ કહો, જે આપણા પ્રસંગમાં આવ્યા જ ના હોય, એમના પ્રસંગમાં આપણાથી પગલાં પડાય..? સંબંધ સુધારવા જ હોત તો, પત્રિકા ભલે ખૂટી ગઈ હોય, મને ફોન તો થાત ને..? જીયોના ફોર્મમાં મારો નંબર તો હતો. પણ મુકાભાઈએ મારી સાથે વ્યવહાર કાપી નાંખ્યો..! મારા જેવી મહાન હસ્તી એમના ઈવેન્ટમાં નહિ ગઈ. છાપાવાળાએ ભલે નોંધ નહિ લીધી હોય, પણ મોટી ખોટ વિશ્વની મહાન પોપ સિંગર રિહાન્નાને ગઈ..! રિહાન્ના મારી સાથે 'સેલ્ફી'લેવાનું ચૂકી..! મારી સાથે 'સેલ્ફી'ખેંચાવી હોત તો, એની પબ્લીસીટી ઔર વધી હોત. દશેક કરોડનો ચાર્જ તો ચપટીમાં વધી ગયો હોત..! આપણી એટલી બોલબાલા છે દાદૂ..!. તારા કપાળમાં કાંદા ફોડું..!

પેટછૂટી વાત કરું તો, રિહાન્ના વટ્ટ તો પાડી ગઈ, ને સૌની આંખમાં વસી પણ ગઈ. ચમનિયાના તો તાળવે ચોંટી ગઈ. રિહાન્નાના સ્વપ્નાંઓ ફ્લાઈટ પકડીને ચમનિયાના ઘરે આવ-જા કરતા, એવી ચમનિયો ડંફાસ પણ મારતો..!ક્યાં એની રમીલા ને ક્યાં વિશ્વની મહાન પોપ સિંગર રિહાન્ના..? એક પોપ સિંગર ને બીજી કિચન-સિંગર..! પણ પ્રેમ બૂરી ચીજ હૈ મામૂ..! દાનત આગળ હાલત વામણી બની જાય, તે આનું નામ..! ખુદની વાત કરું તો, હું રહ્યો અંગ્રેજના જમાનાની પ્રોડક્ટ..! જ્યારે રિહાન્નાને ધરતી ઉપર આવવાનો વિઝા ૨૦ ફેબ્રુઆરી ૧૯૮૮ ના રોજ મળેલો. મારા કરતાં ૪૦ વર્ષ મોડી પડેલી, છતાં, એ બાબેડીયન રેકોર્ડીંગ આર્ટીસ્ટ બની, ને હું હજી કોમેડિયન આર્ટીસ્ટમાં ગોથાં ખાઉં છું..! એ એક ઈવેન્ટના ૭૨ કરોડ કમાય છે, ને હું રોડ ઉપર છું. વ્યાજના હપ્તા ભરું છું..! એની પાસે ૧.૯ અબજ ડોલરની સંપત્તિ છે, ને મારી પાસે છોટી-છોટી સંતતિ છે...!

ભંગારવાળો પણ મને જોઇને ડરે કે, રખે ને રેંકડીનો ભંગાર ઊંચકી ગયો તો..? એવી જાહોજલાલી..! પછી ચચરે તો ખરું જ ને બોસ..? આ તો હસવા હસાવવાની એક વાત..! બાકી અનંત-રીહાનાનો જલસો પડદે જોયા પછી, વાઈફ શૈલી પણ બળીને બેવડ તો વળેલી..! મને કહે,'આપણે કરેલા તે વેલ્ડીંગ કહેવાય, ને આ લોકોના થયા તે વેડિંગ..! તમને તો જાનમાં લાવવાનો ઢોલી પણ નહિ મળેલો. મુકાભાઈને જુઓ, એમના દીકરાના વેડિંગમાં વિશ્વની મહાન પોપ સિંગર 'રિહાન્ના'ને વિદેશથી બોલાવી. આને ધામધૂમ કહેવાય..! ઈવેન્ટમાં આવેલી રૂપસુંદરીઓ કેવા ઝમકદાર ઝભલા પહેરીને 'સેલ્ફી'ઓ ખેંચાવતી હતી? ને અમારે તો આંઠ વારના દેશી લૂગડામાં જ લટકા કરીને, ઝાડની ઓથ પકડી સેલ્ફીઓ લેવાની..! વાતમાં દમ તો ખરો, પણ એને કેમ સમજાવું કે, મુકાભાઈ ધીરજભાઈનાં ફળ હતાં. ધીરજનાં ફળ મીઠાં જ હોય..! ત્યારે અમે રહ્યા મગનભાઈનાં ફળ..! એમાં એમના જેવા વધાર નહિ થાય..! લગન એક એવું ફળ છે કે, એ પાકે પછી જ ખબર પડે કે, સ્વાદમાં કેવું છે...!

લાસ્ટ ધ બોલ

અથાણું ખાવ અને બરફીનો સ્વાદ
આવે, એનું નામ લગન..!
તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

100 ટેસ્ટનો યશસ્વી તેજસ્વી ક્રિકેટર રવિચંદ્રન અશ્વિન

જેના નામમાં રવિ છે એવા રવિચંદ્રન અશ્વિનના સૂર્યની ચમકદમક હજુ આજે પણ જેવી ને તેવી છે. 37 વર્ષની ઉંમરે આસમાનના સૂર્યની માફક એની રોશની માટે દિશામાં પૂરબહારમાં ફેલાઈ રહી છે. 100 ટેસ્ટ મેચના યશસ્વી તેજસ્વી રવિચંદ્રન અશ્વિન ભારત માટે ગર્વ લેવા જેવી બાબત ગણાય. ટોટલ 100 ટેસ્ટ મેચમાં 507 વિકેટ લેનાર અશ્વિન ભારતના સર્વશ્રેષ્ઠ બોલરોમાંનો એક બોલર છે. ઈંગ્લેન્ડ સામે ઘર આંગણે 100 ટેસ્ટ વિકેટ લઈ ધર્મશાળા ખાતેની ટેસ્ટ મેચને યાદગાર બનાવી દીધી છે. વિશ્વનો એ એક માત્ર બોલર છે, જેને કારકિર્દીની શરૂઆતમાં પહેલી ટેસ્ટ મેચમાં 5 વિકેટ લીધી હતી એ સાથે 100મી ટેસ્ટમાં પણ 5 વિકેટ લીધી છે. આ પણ એક રેકોર્ડ છે. શાંત સ્વરૂપના અશ્વિને ભારતને ટેસ્ટ મેચ જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. અંતિમ ટેસ્ટ ભારતે 1 ઈનિંગ 64 રનથી જીતી લઈ શ્રેણી 4-1થી વટ કે સાથ કબજે કરી છે. કેપ્ટન રોહિત શર્માએ મિડીયા સામે અશ્વિનની ભરપૂર પ્રશંસા કરી છે. ભારતની ટીમને ધન્યવાદ વેલ્ડન રવિચંદ્રન અશ્વ